“Digital Gujarat Seva Setu” હેઠળ ગૃહ વિભાગને લગતી સેવાઓ ગ્રામ્ય કક્ષાએ ઈ-ગ્રામ વિશ્વગ્રામ દ્વારા પૂરી પાડવા બાબત

**ગુજરાત સરકાર**
**ઠરાવ ક્રમાંક : આઈ.ટી./ ૧૦/૨૦૨૦/૩૦/આઈટી સેલ**
**ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર**
**તા.૨૮/૧૨/૨૦૨૦**

**પ્રસ્તાવના:**

ગ્રામ પંચાયતોની કામગીરીને ઈન્ફર્મેશન ટેકનોલોજીના માધ્યમથી અદ્યતન, સુવ્યવસ્થિત, સમયબદ્ધ, સરળ, ઝડપી બનાવવા રાજ્યમાં વર્ષ ૨૦૦૭-૦૮ થી ઈ-ગ્રામ યોજના અમલમાં આવેલ છે. જે અંતર્ગત ૧૪૨૯૨ ગ્રામ પંચાયતો ખાતે કોમ્પ્યુટર્સ અને તેને આનુષંગિક સાધન-સામગ્રી જરૂરી સોફ્ટવેર સાથેની બ્રોડબેન્ડ કનેક્ટીવીટી પુરી પડાવામાં આવેલ છે. તમામ ઈ-ગ્રામ પંચાયતો ખાતે પી.પી.પી. મોડલના આધારે ગ્રામ કોમ્પ્યુટર સાહસિક (વી.સી.ઇ.) જોડાયેલા છે.

ઈ-ગ્રામ પંચાયતો ખાતેથી વી.સી.ઇ. દ્વારા વિવિધ G2C અને B2C ઓનલાઇન સેવાઓ જેવી કે, જન્મ – મરણ પ્રમાણપત્ર, ચારિત્ર્ય પ્રમાણપત્ર, આવકના દાખલા, ૭/૧૨ અને ૮-અ ના ઉતારા, ટેક્ષ કલેક્શન, વીજળી બીલ કલેક્શન, જી.એસ.પી.સી. બીલ કલેક્શન વગેરે સેવાઓ પૂરી પાડવામાં આવી રહેલ છે.

ઈ-ગ્રામ કેન્દ્રો મારફત રાજ્ય સરકારની વિવિધ વ્યક્તિતલક્ષી રજૂઆતોના ઉકેલની ઝડપ વધે તે માટે ડિજીટલ ગુજરાત અંતર્ગત ડિજીટલ સેવા સેતુ કાર્યક્રમ પણ અમલમાં છે. જન સામાન્યની “જીવન જીવવાની સરળતા” (Ease of Living) નો રાજ્ય સરકારનો ઉમદા હેતુ સાધી શકાય તે હેતુથી આ વિભાગની વિવિધ ઓનલાઇન સેવાઓ પણ ડિજીટલ સેવા સેતુ અંતર્ગત “ઈ-ગ્રામ કેન્દ્રો” મારફત અપાય તેવી સુવિધા ઉપલબ્ધ કરાવવાની બાબત સરકારશ્રીની પુખ્ત વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાના અંતે, ગૃહ વિભાગ હસ્તકની નીચે દર્શાવેલ સેવાઓ ડિજીટલ સેવા સેતુ અંતર્ગત “ઈ-ગ્રામ કેન્દ્રો” મારફત ઉપલબ્ધ કરાવવાનું આથી ઠરાવવામાં આવે છે.

| ક્રમ | ઓનલાઇન સેવાની વિગત |
|---|---|
| ૧ | ઈ-અરજી (e-Application) |
| ૨ | ઘરઘાટીની નોંધણી (Domestic Servant Registration) |
| ૩ | ડ્રાઇવરની નોંધણી (Driver Registration) |
| ૪ | સીનીયર સીટીઝનની નોંધણી (Senior Citizen Registration) |
| ૫ | ભાડુઆતની નોંધણી (Tenant Registration) |
| ૬ | ના વાંધા પ્રમાણપત્ર (Apply for NOC) |
| ૭ | પોલીસ ચકાસણી પ્રમાણપત્ર (Police Verification Certificate) |
| ૮ | FIRની નકલ (Get FIR Copy) |

ઉપર મુજબની સેવાઓ ડિજીટલ સેવા સેતુ મારફતે મેળવવા માટે નીચે મુજબની કાર્યપ્રણાલી સુનિશ્ચિત કરવામાં આવે છે.

૧. પોલીસ વિભાગ સંબંધિત ઉપર મુજબની તમામ સેવાઓ મેળવવા માટે અરજદારે ઇ-ગ્રામ સેન્ટર પર જઇ ગ્રામ કોમ્પ્યુટર સાહસિકની મદદથી નિયત નમુનાનું ફોર્મ ભરવાનું રહેશે તથા આ ફોર્મ માટે પાસપોર્ટ સાઇઝ ફોટો, જરૂરી પ્રમાણપત્રોની સ્વ-પ્રમાણિત નકલ અને ડીકલેરેશન સાથે જરૂરી ફી જમા કરાવવાની રહેશે.

૨. ગ્રામ કોમ્પ્યુટર સાહસિક અરજદારના ફોર્મની ચકાસણી કરી, જરૂરી પ્રમાણપત્રો સ્કેન કરી અરજદારની માહિતી પોર્ટલમાં દાખલ કરશે.

૩. ગ્રામ કોમ્પ્યુટર સાહસિક દ્વારા દાખલ કરવામાં આવેલ માહિતી/વિગતોના આધારે પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરવામાં આવશે, ત્યારબાદ રજીસ્ટ્રેશન સમયે આપેલ યુઝર આઇડી/પાસવર્ડનો ઉપયોગ કરી લોગીન કરી ગ્રામ કોમ્પ્યુટર સાહસિક દ્વારા અરજદાર વતી જરૂરી અરજી કરવાની રહેશે. અરજી સફળતાપૂર્વક પૂર્ણ થતા સિસ્ટમ દ્વારા રીસીપ્ટ/એસ.એમ.એસ. મોકલવામાં આવશે, જેમાં અરજીનો યુનિક નંબર મળશે અને ઓનલાઇન કરેલ અરજીનું સ્ટેટસ ગ્રામ કોમ્પ્યુટર સાહસિક પાસેથી મેળવી શકાશે.

૪. સિસ્ટમ દ્વારા ઇલેક્ટ્રોનિકલી અરજી સંબંધિત પોલીસ સ્ટેશન/કચેરી ખાતે આગળની કાર્યવાહી અર્થે મોકલવામાં આવશે અને તે મુજબ આગળની કાર્યવાહી થશે.

૫. આ રીતે મળેલ અરજીઓ પર સંબંધિત પોલીસ સ્ટેશન/કચેરી નીચેની વિગતે કાર્યવાહી કરશે.

૧. અરજીની વિગતો અને દસ્તાવેજોની ચકાસણી કરશે.

૨. જો અરજી યોગ્ય માલુમ પડે તો તેને મંજૂરી આપશે અને અરજદારને જરૂરી પ્રમાણપત્ર (જો લાગુ પડતુ હોય તો) ઓનલાઇન/પોલીસ સ્ટેશન/ઇ-ગ્રામ સેન્ટર પરથી મેળવી શકાશે.

૩. જો અરજી અધુરી/અયોગ્ય માલુમ પડશે તથા જરૂરી આધાર પુરાવા અપૂરતા/અયોગ્ય માલુમ પડશે તો યોગ્ય કારણો સાથે અરજીનો અસ્વીકાર કરશે. તે માટે કોઇ રીફંડ કરવામાં આવશે નહિ.

૬. અરજી પર કરેલ કાર્યવાહીની માહિતી ઇ-ગ્રામ સેન્ટરથી વિનામૂલ્યે જાણી શકાશે.

૭. વધુમાં ગુજરાત સિટીઝન પોર્ટલ (https://gujhome.gujarat.gov.in/portal) પરથી પણ લોગીન કરી અરજીનું સ્ટેટસ જાણી શકાશે.

ઉપર મુજબની સેવાઓ મેળવવા માટે અરજદારે સેવા દીઠ રૂ. ૨૦/- (અંકે રૂ. વીસ પુરા) આપવાના રહેશે. ગ્રામ કોમ્પ્યુટર સાહસિક – VCE દ્વારા વસુલ કરવામાં આવનાર રૂ. ૨૦/- ની આંતરિક વહેંચણી નીચે મુજબ કરવાની રહેશે.

| | | |
|---|---|---|
| ૧. | ગ્રામ કોમ્પ્યુટર સાહસિક (VCE) ની સ્વનિર્ભરતા માટેની રકમ | રૂ. ૧૬ |
| ૨. | સંબંધિત ગ્રામ પંચાયતને મળનાર રકમ | રૂ. ૦૪ |
| | **કુલ** | **રૂ. ૨૦** |

ઉપર મુજબની સેવાઓ ડીઝીટલ સેવા સેતુ અંતર્ગત ઈ-ગ્રામ કેન્દ્રો પરથી, સેવા દીઠ રૂ. ૨૦/- (અંકે રૂ. વીસ પુરા) લેખે પુરી પાડવામાં આવશે. જ્યારે આ જ સેવાઓ ગુજરાત સિટીઝન પોર્ટલ (https://gujhome.gujarat.gov.in/portal) પરથી વિના મુલ્યે મેળવી શકાશે.

આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઇલ ઉપર તા.૨૮/૧૨/૨૦૨૦ના રોજ સચિવશ્રી, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ અને અધિક મુખ્ય સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(મહેન્દ્ર આર. સોની)**
નાયબ સચિવ
ગૃહ વિભાગ

**નકલ રવાના:-**

- અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

- અધિક મુખ્ય સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(ગૃહ), ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., પોલીસ ભવન, ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી(તકનિકી સેવાઓ અને SCRB), પોલીસ ભવન, ગાંધીનગર.
- પોલીસ મહાનિરીક્ષકશ્રી(**SCRB)**અને નોડલ અધિકારી (ડીજીટલ સેવા સેતુ), ગાંધીનગર.
- વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- તમામ કલેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય.
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય.
- સિલેક્ટ ફાઇલ